॥ ओ३म् ॥

વૈદિક ધર્મ શિક્ષણ

માણસને ઉચીત છે કે તે કામથી, લોભથી, ભયથી અને
નના હેતુને વાસ્તે ધર્મને ન છોડે, કેમકે પ્રકૃતિ, સુખ,
૧ અને એના કારણ અનિત્ય છે. ધર્મ અને જીવાત્મા એ
બંને નિત્ય છે. તેથી ક્યારે પણ ધર્મને છોડવો જોઈએ નહિ.

હિંદી ઉપરથી અનુવાદ કરનાર

બ્રહ્મચારી ભદ્રસેન એમ. વાઘેલા.

શ્રીમદ્દયાનન્દાબ્દ ૧૦૧

સને ૧૯૨૬ સંવત ૧૯૮૨

મુલ્ય ૦-૨-૦

॥ ઓ૩મ્ ॥

વૈદિક ધર્મ શિક્ષણ

હિંદી ઉપરથી અનુવાદ કરનાર

ભદ્રસેન એમ. વાઘેલા

શ્રીમદ્દયાનન્દાબ્ધ ૧૦૧

સને ૧૯૨૬ સંવત ૧૯૮૨

મુલ્ય ૦-૨-૦

પ્રકાશક:
ભદ્રસેન એમ. વાઘેલા
બદરી આઇસ મેનશન
સ્ટેશન રોડ, સુરત.

મુદ્રક:
ભદ્રશંકર મંછારામ ભટ્ટ
કળામય પ્રિન્ટીંગ વર્કસ
ખાંડ બજાર, સુરત.

॥ ओ३म् ॥

વૈદિક ધર્મ શિક્ષણ

પ્રશ્ન–આર્યસમાજ કોને કહે છે ?

ઉત્તર–જે આર્ય લોકોનો સમાજ હોય છે, તેને આર્ય સમાજ કહે છે.

પ્ર–આર્ય કોને કહે છે ?

ઉ–જે કોઇ ચાર વેદ અને તેનો બનાવેલો ધર્મ માને તેને આર્ય કહે છે.

પ્ર–સમાજ કોને કહે છે ?

ઉ–કોઈ કામ કરવા એકઠાં થયેલાં મનુષ્યોને સમાજ કહે છે.

પ્ર–ચાર વેદ કયા કયા છે ?

ઉ–ઋગવેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

પ્ર–એ વેદો કોણે બનાવ્યા ?

ઉ–પરમ પિતા પરમાત્માએ.

પ્ર–આવેદ ક્યારે બનાવ્યા ?

ઉ–સૃષ્ટિના આરંભમાં.

પ્ર–પરમ પિતા પરમાત્મા કયાં રહે છે. ?

ઉ–બધી જગ્યાએ રહે છે. એનાથી કોઇ જગ્યા ખાલી નથી.

પ્ર–પરમાત્માનું નામ શું છે ?

ઉ–પરમાત્માનું નામ 'ઓ૩મ' છે.

પ્ર–'ઓ૩મ' નામમાં કેટલા અક્ષર છે ?

ઉ–'ઓ૩મ' નામમાં ત્રણ અક્ષર છે. અ, ઉ, મ.

પ્ર–પરમાત્મા કયારથી છે ?

ઉ–સદાથીજ છે, જન્મતા નથી કે મરતા નથી.

પ્ર–આર્ય સમાજ કોણે બનાવ્યો ?

ઉ–શ્રી ૧૦૮ સ્વામી દયાનંદ સરસ્વતીએ.

પ્ર–આર્ય સમાજ સ્વામીજી એ શા માટે બનાવ્યો ?

ઉ–વેદોનો પ્રચાર કરવા માટે.

પ્ર–સ્વામીજી કોણ હતા ?

ઉ–સ્વામીજી સન્યાસી બ્રાહ્મણ હતા.

પ્ર–સ્વામીજીના ગુરૂ કોણ હતા ?

ઉ–શ્રી ગુરૂ વિરજાનન્દ હતા. તે જાતે બ્રાહ્મણ હતા.

પ્ર–સ્વામીજીની જન્મભૂમિ કઇ હતી ?

ઉ–સ્વામીજીની જન્મ ભૂમિ "ગુજરાત કાઠીઆવાડ"

પ્ર–એના ગુરુ વિરજાનન્દની જન્મભૂમિ કઈ હતી ?

ઉ–પંજાબ દેશમાં જન્મ્યા હતા.

પ્ર–સ્વામીજીએ કયા સ્થાન પર વિદ્યા ભણી ?

ઉ–સ્વામીજીએ ગુરૂ વિરજાનન્દની પાસે મથુરા નગરીમાં વિદ્યા ભણી.

પ્ર–આર્ય લોકોનો શું ધર્મ છે ?

ઉ–વેદ ભણવું ભણાવવું, સાંભળવું, સંભળાવવું, એ આર્યોનો પરમ ધર્મ છે.

પ્ર–વેદોમાં શું લખ્યું છે ?

ઉ–વેદોમાં માણસે શું કરવું, શું ન કરવું તે બતાવ્યું છે.

પ્ર–સર્વ મનુષ્યોએ કયાંથી કયાં સુધી કામ કરવાનાં છે ?

ઉ–પંચ યજ્ઞથી સમાધિ સુધી.

પ્ર–પંચ યજ્ઞ કયા કયા છે ?

ઉ–બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, અતિથિયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ છે.

પ્ર–સમાધિ કોણ લગાવે છે ?

ઉ–યોગી લોકો સમાધિ લગાવે છે.

પ્ર–સમાધિ લગાવવાથી શું લાભ થાય છે ?

ઉ–સમાધી લગાવવાથી પરમેશ્વર મળે છે.

પ્ર–પરમેશ્વરના દર્શનથી શું થાય છે ?

ઉ–પરમેશ્વરના દર્શનથી મુકિત અને પરમાનન્દ પ્રાપ્ત થાય છે.

પ્ર–બ્રહ્મયજ્ઞ કોને કહે છે.

ઉ–વેદપાઠ, જપ અને સંધ્યા કરે તેને બ્રહ્મયજ્ઞ કહે છે.

પ્ર–દેવયજ્ઞ કોને કહે છે ?

ઉ–અગ્નિહોત્રથી લઇને અશ્વમેધ સુધીનાને દેવયજ્ઞ કહે છે.

પ્ર–પિતૃયજ્ઞ કોને કહે છે ?

ઉ-જીવતા માતાપિતાની સેવા કરવી તેને પિતૃયજ્ઞ કહે છે.

પ્ર-અતિથિયજ્ઞ કોને કહે છે ?

ઉ-કોઈ ન આવે એવું હોય ને આવે તેનો સત્કાર કરવો તેને અતિથિયજ્ઞ કહે છે.

પ્ર-ભૂતયજ્ઞ કોને કહે છે ?

ઉ-ગૃહસ્થાશ્રમમાં રહીને જે હિંસા થતી હોય તે અટકાવવી, કુતરા ગાય આદીને ભોજન આપવું તેને ભૂતયજ્ઞ કહે છે.

પ્ર-આટલા પાંચ યજ્ઞ કરવાથી શું લાભ થાય છે ?

ઉ-પંચયજ્ઞથી મનુષ્યની મુકિત થાય છે.

પ્ર-ઈશ્વર નિરાકાર છે કે સાકાર ?

ઉ-ઈશ્વર નિરાકાર છે.

પ્ર-નિરાકાર કોને કહે છે ?

ઉ-જેનો આકાર નહિ તે.

પ્ર-આકાર કોને કહે છે ?

ઉ-એકથી અધિક ભાગ મળ્યા હોય તેને આકાર કહે છે.

પ્ર-ઈશ્વરને સાકાર ગણીએ તો શું વાંધો છે ?

ઉ-સાકાર પદાર્થો નષ્ટ થાય છે અને રૂપ અને સ્થળવાળાં હોય છે તેમ ઈશ્વર નથી. તે તો નિરાકાર સર્વવ્યાપક છે.

પ્ર-દેવતા કોને કહે છે ?

ઉ–જે કોઈ બીજાને સારા ગુણ શીખવે તે દેવતા કહેવાય છે.

પ્ર–દેવતા જડ છે કે ચેતન ?

ઉ–અગ્નિ, વાયુ, જળ, આદી (૮) વસુ (૧૧) રૂદ્ર (૧૨) આદિત્ય (૧) વિદ્યા (૧) પક્ષ (૧) સૂર્ય (૩૩) દેવતા છે વિદ્યાવાન. મનુષ્ય ચેતન છે.

પ્ર–શ્રાદ્ધ કોને કહે છે ?

ઉ–શ્રદ્ધાપૂર્વક જીવતા માત પિતાની સેવાને ભોજન આપવું તે.

પ્ર–તર્પણ કોને કહે છે ?

ઉ–પાણી અને દુધ, ખાવાનું કપડાં આદિથી તૃપ્ત કરવું તેને તર્પણ કહે છે.

પ્ર–બ્રાહ્મણ ગ્રન્થ કેટલા છે ?

ઉ– બ્રાહ્મણ ગ્રન્થ ચાર છે. ઐતરેય, શતપથ, સામ, અને ગોપથ છે.

પ્ર–ઉપવેદ કેટલા છે ?

ઉ–ઉપવેદ ચાર છે. આયુર્વેદ, ધનુર્વેદ, ગન્ધર્વવેદ, અને અથર્વવેદ છે.

પ્ર–કયા વેદના કયા બ્રાહ્મણ ?

ઉ–ઋગવેદના ઐતેરેય, યજુર્વેદના શતપથ. અથર્વના ગોપથ અને સામવેદના સામ છે.

પ્ર–વેદાંગ કેટલા છે ?

ઉ–વેદાંગ છ છે.

પ્ર-વેદાંગોના નામ શું છે ?

ઉ-શિક્ષા, વ્યાકરણ, જ્યોતિષ, છન્દ, નિરૂક્ત, કલ્પ છે.

પ્ર-વેદાંગ કોણે બનાવ્યા ?

ઉ-વિદ્વાનોએ વેદાંગ બનાવ્યા.

પ્ર-કઇ સંહિતાના કયા કયા ઉપવેદ છે ?

ઉ-ઋગવેદના આયુર્વેદ, યજુર્વેદના ધનુર્વેદ, સામવેદના ધનુર્વેદ, યજુર્વેદના ગન્ધર્વવેદ, અથર્વવેદના અર્થવેદ.

પ્ર-એ ઉપવેદ કોના બનાવેલા છે ?

ઉ-પ્રાચીન ઋષિઓના બનાવેલા છે.

પ્ર-શાસ્ત્ર કેટલા છે ?

ઉ-શાસ્ત્ર છ છે.

પ્ર-એના કયા કયા નામ છે ?

ઉ-ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, વેદાન્ત અને મિમાંસા.

પ્ર-ન્યાયશાસ્ત્ર કોણે બનાવ્યું ?

ઉ-ગૌતમ મુનિએ.

પ્ર-વૈષેષિક શાસ્ત્ર કોણે બનાવ્યું ?

ઉ-કણાદ મુનિએ.

પ્ર-સાંખ્ય શાસ્ત્ર કોણે બનાવ્યું ?

ઉ-કપિલ મુનિએ

પ્ર-યોગશાસ્ત્ર કોણે બનાવ્યું છે?

ઉ-પાતંજલિ ઋષિએ.

પ્ર-વેદાંતશાસ્ત્ર કોણે બનાવ્યું છે ?

ઉ-વ્યાસમુનિએ.

પ્ર-મિમાંસા શાસ્ત્ર કોણે બનાવ્યું છે ?

ઉ-જમિની મહારાજે.

પ્ર-સ્મૃતિ કેટલી છે ?

ઉ-સ્મૃતિ ૨૪ છે. ખરેખરી મનુસ્મૃતિ છે.

પ્ર-પુરાણ કેટલા છે ?

ઉ-પુરાણ ૧૮ છે.

પ્ર-એ પુરાણ કોણે અને કયારે બનાવ્યા ?

ઉ-આ પુરાણ સમય સમય પર અને ભિન્ન ભિન્ન પુરૂષે બનાવ્યા.

પ્ર-એ પુરાણ માનવા કે નહિ ?

ઉ-નહિ; કારણ કે એમાં કેટલીક વાતો વેદ વિરૂધ્ધ છે.

પ્ર સ્વતઃ પ્રમાણ પુસ્તક કયા છે ?

ઉ-કેવળ ચાર વેદ સંહિતા માત્ર.

પ્ર-સ્વતઃ પ્રમાણ કોને કહે છે ?

ઉ-પોતાની સિધ્ધિ કરવા કોઇ આવશ્યકતા પડે નહિ તે વેદ સિવાય તેને સ્વતઃ કહે છે.

પ્ર-સ્વતઃ પ્રમાણનો કોઈ દાખલો આપશો ?

ઉ-હા; જેમકે સૂર્યને જોવામાં કોઈની નથી તેમ વેદોમાં જોવા કોઈની આવશ્યકતા નથી.

પ્ર-ચાર વેદ પ્રકાશીત થયા ને કેટલા વરસ થયા ?

ઉ-એક અબજ સત્તાવન કરોડ ઓગણત્રીસ લાખ ઓગ-

ણુચાલીસ હજાર ને સત્તાવીસ વરસ થયાં. ઇ. સ. ૧૯૨૧ સુધી.

પ-કયા વેદમાં કંઈ પ્રકારની ન્યુનતા અધીકતા હજુ સુધી થઈ છે?

ઉ-વેદોમાં કોઇ વધઘટ કરી શકતું નથી જેમકે સુર્ય પરમાત્માનો બનાવેલો છે તેને કોઈ વધઘટ કરી શકતું નથી.

પ્ર-વેદોમાં કેટલા મંત્ર છે?

ઉ-ઋગવેદમાં (૧૦૫૧૮) યજુર્વેદમાં (૧૯૭૫) અથર્વ-વેદમાં (૫૮૪૭) સામવેદમાં (૧૦૬૪) મંત્રો છે. કુલ ૧૯૪૦૪ મંત્ર છે.

પ-ઋગ્ વેદમાં મંડળ અધ્યાય કેટલા છે?

ઉ-ઋગ્વેદ ૮ અષ્ટક ૧૦ મંડળ ૧૦૧૭ સુત ૧૦૩ વર્ગ છે. યજુર્વેદમાં ચાલીસ અધ્યાય છે સામવેદમાં પૂર્વાર્ધ ઉત્તરાર્ધ બે અંગ ૮૭ સામ ૨૯ અધ્યાય છે. અથર્વેદમાં ૨ કાંડ ૩૪ પાઠક ૧૧૧ અનુવાક ૭૩૩ વર્ગ છે.

પ-આ મંડળના અધ્યાયાદી વિભાગ કાણે પાડયા.

ઉ-વેદના મંડળના વિભાગ ઋષિ મુનિએ પાડયા.

પ્ર-મંત્રનો દેવતા કોણ છે?

ઉ-જે કોઇ મંત્રમાં જેનું વર્ણન હોય તેને દેવતા કહે છે.

પ્ર-વેદ મંત્રોમાં ઉભી રેખા છે તેને શું કહે છે?

ઉ-વેદમાં ઉભી રેખાને સ્વર કહે છે.

પ્ર-સ્વર કેટલી પ્રકારના છે?

ઉ-સ્વર ત્રણ પ્રકારના છે. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરતી.

પ્ર-આ ત્રણ સ્વરો કેમ બોલાય છે?

ઉ-ઉંચા સ્વરથી ઉદાત્ત અને નીચા સ્વરથી અનુદાત્ત અને મધ્યમ સ્વરથી સ્વરતી બોલાય છે.

પ્ર-કયો વેદ કયા ઋષિ પર સ્થપાયો?

ઉ-અગ્નિ ઋષિ પર ઋગવેદ, વાયુ ઋષિ પર યજુર્વેદ, આદિત્ય ઋષિ પર સામવેદ, અંગીરા ઋષિ પર અથર્વવેદ સ્થપાયો છે.

પ્ર-આ ચાર વેદ કયા કયા વિષય પર છે?

ઉ-ઋગવેદમાં પદાર્થ ગુણ, યજુર્વેદમાં કર્મકાણ્ડ, સામવેદમાં ઉપાસનાકાણ્ડ અથર્વવેદમા વિજ્ઞાન કાણ્ડ વર્ણન છે.

પ્ર-સન્ધ્યા શબ્દનો શું અર્થ છે?

ઉ-જેવી રીતે પ્રભુનું ચિંતન કરીએ છીએ તેને અને દીવસ ને રાત મળે છે ત્યારનો વખત એને સંધ્યા કહે છે.

પ્ર-સંધ્યા દિવસમાં કેટલીવાર કરવી જોઇએ?

ઉ-સંધ્યા દિવસમાં બે વાર કરવી જોઇએ.

પ્ર-સંધ્યા કરવાનો કયો વખત છે?

ઉ-પ્રાતઃકાળ-સૂર્ય ઉગે તે પહેલાં દિવસ અને રાત્રી મળે ત્યારે કરવી જોઇએ.

પ્ર-સન્ધ્યામાં કેટલા મંત્ર છે?

ઉ-સન્ધ્યામાં નવ પ્રકારના મંત્ર છે.

પ્ર–એમના નામ શું શું છે ?

ઉ–(૧) શનો દેવી, આચમનમંત્ર (૨) ઓંવાકવાક, ઈન્દ્રી સ્પર્શ મંત્ર (૩) ઓમ્ ભૂઃપુનાતુ, માર્જન મંત્ર (૪) ઓમ્ ભૂઃ ભુવ. પ્રાણાયમ મંત્ર (૫, ઋતંચસત્ય અઘર્ષણ મંત્ર (૬) ઓં પ્રાચીદીગ મનસાપરિક્રમા (૭) ઉદ્વયંતમસ, ઉપસ્થાન મંત્ર (૮) ઓમ ભુર્ભુ-વસ્વઃગાયત્રી મંત્ર (૯) ઓમ્ નમઃ શંભ સમર્પણ મંત્ર કહેવાય છે.

પ્ર–આચમન કેટલા કરવા ?

ઉ–આચમન ત્રણ કરવા. જમણા હાથે.

પ્ર–ઇન્દ્રીસ્પર્શ એટલે શું ?

ઉ–જમણા હાથમાં પાણીથી ઈન્દ્રીયોનો સ્પર્શ કરવો તેને ઈન્દ્રી સ્પર્શ કહે છે.

પ્ર–માર્જન કોને કહે છે ?

ઉ–ઉપરની વિધિ પ્રમાણે ડાબા હાથમાં પાણી લેવું.

પ્ર– અઘમર્ષણ કોને કહે છે ?

ઉ–પાપોથી દૂર રહેવું તેને અઘમર્ષણ કહે છે.

પ્ર–મનસા પરિક્રમા કોને કહે છે ?

ઉ–છ દિશામાં પરમાત્માને મેળવવો તેને મનસા પરિક્રમા કહે છે.

પ્ર–ઉપસ્થાન કોને કહે છે ?

ઉ–મારા નિકટ પરમાત્મા અને હું પરમાત્માની નિકટ છું એવું જાણવું તેને ઉપસ્થાન કહે છે.

પ્ર–ગાયત્રી કોને કહે છે?

ઉ–જે જપવાની વસ્તુ હોય તેને ગાયત્રી કહે છે.

પ્ર–સમર્પણ એટલે શું?

ઉ–નમસ્કાર કરવા તેને સમર્પણ કહે છે.

પ્ર–પહેલાં પૃથ્વી કેવી રીતે બની?

ઉ–પહેલાં પરમાત્માએ આકાશ બનાવ્યું પછી વાયુ પછી પૃથ્વી પછી અન્ન અને તેમાંથી રજ અને રજ વિર્યથી દેહધારી મનુષ્ય ઉત્પન્ન થયા.

પ્ર–પૃથ્વી પર જે વખતે આવ્યા ત્યારે નાના હતા કે જુવાન?

ઉ– પૃથ્વી પર આવ્યા ત્યારે જુવાન હતા કારણ કે નાના હોય તો તેમનું રક્ષણ કોણ કરે? અને જો બુઢ્ઢા હોય તો સંતાન કેમ ઉત્પન્ન થાય? માટે જુવાન હતા.

પ્ર–આ સમયમાં વિના માતા પિતા સંતાન થાય કે નહિ?

ઉ–નહિ, કારણ કે સૃષ્ટિ ચાલી રહી છે તો આદિનું શું કામ છે!

પ્ર–આકાશ કયા પદાર્થથી બનાવ્યું છે?

ઉ–આકાશ કોઈએ બનાવ્યું નથી; એ નિત્ય છે.

પ્ર–કેટલી વસ્તુ અનાદી છે?

ઉ–ત્રણ પ્રકારની વસ્તુ અનાદિ છે. ઇશ્વર, જીવ, પ્રકૃતિ.

પ્ર–સંસ્કાર ગણત્રીમાં કેટલા છે?

ઉ-સંસ્કાર ૧૬ છે. તે સ્વામી દયાનંદે લખેલ છે.

પ્ર-એનાં કયાં નામ છે ?

ઉ-૧ ગર્ભાધાન, ૨. પુંસવન, ૩. સીમન્તોન્નયન, ૪. જાતકર્મ, ૫. નામકર્મ, ૬. નિષ્ક્રમણ, ૭. અન્નપ્રાસન, ૮. ચુડાકર્મ ૯ કર્ણવેધ ૧૦ ઉપનયન, ૧૧. વેદારંભ ૧૨ સમાવર્તન ૧૩ વિવાહ ૧૪ વાનપ્રસ્થ ૧૫ સંન્યાસ ૧૬ અન્ત્યષ્ટિ છે.

પ્ર-આ સંસ્કાર કયારે કયારે કરવા ?

ઉ-વિવાહ થયા પછી ગર્ભાધાન કરવો. ગર્ભાધાનના ત્રણ માસ પછી સીમન્તોન્નયન પછી પુંસવન કરવો. જ્યારે સંતાન ઉત્પન્ન થાય ત્યારે જાતકર્મ કરવો. પછી ૧૧ વા ૧૦૧ દિવસે નામ કરણ કરવો. બાળકના જન્મ પછી ત્રણ શુકલ પક્ષે આ સંસકર કરવો. છઠા માસમાં અન્નપ્રાશન કરવો. ચુડાકર્મ બાળકના ત્રીજા કે પહેલા વર્ષમાં કરવો. કર્ણવેધ બાળકના ત્રીજા કે પાંચમા વર્ષમાં કરવો. વેદારંભ અને ઉપનયન બાળકના પાંચમા યા આઠમાં વર્ષમાં કરવો. વિવાહ ૨૫ થી ૪૮ વર્ષ સુધીમાં કરવો. વાનપ્રસ્થ પુત્ર યા પુત્રી ઉત્પન્ન થયા પછી આ સંસ્કાર કરવો પછી પુરેપુરા વાનપ્રસ્થી બન્યા પછી સંન્યાસ લેવો અને છેલ્લો કર્મ અંત્યેષ્ઠિને સોંપી દેવો.

પ્ર-વર્ણ કેટલી છે ?

ઉ-વર્ણ ચાર છે. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર છે ?

પ્ર-એમના શું કામ છે ?

ઉ-બ્રાહ્મણે યજ્ઞ કરવો. વેદ ભણવું ભણાવવું, દાન લેવું ક્ષત્રીએ યજ્ઞ કરવો. દાન આપવું, પ્રજાનું રક્ષણ કરવું વૈશ્યે દાન આપવું, પશુ રક્ષા કરવી, માણસોનું રક્ષણ કરવું. શુદ્રે ત્રણ વર્ણની સેવા કરવી.

પ્ર-આશ્રમ કેટલા છે ?

ઉ-આશ્રમ ચાર છે.

પ્ર-કયા કયા આશ્રમ છે ?

ઉ-બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ, સન્યાસ.

પ્ર-આ આશ્રમમાં શું કરવું જોઇએ ?

ઉ-બ્રહ્મચર્યનો કાળ ૨૫, ૩૫, ૪૮ વર્ષ સુધી છે. એમાં ચાર વેદ વેદાંગ બીજી સારી વિદ્યા ભણવી, વીર્ય રક્ષા કરવી, મૈથુનથી બચવું. જીતેન્દ્રીય બન્યા પછી ગૃહસ્થાશ્રમમાં ઋતુદાનના સમયમાં સન્તાન ઉત્પન્ન કરવા, ધર્મથી પૈસા ઉત્પન્ન કરવા, વાનપ્રસ્થ છોકરાને છોડી દઇ વનમાં ઈશ્વરનું અને સન્યાસ લેવો ત્યારે સ્ત્રીને છોડી દેવી, ભીખ માંગીને ખાવું. સમાધી લગાવવી અને પછી મૃત્યુને શરીર સોપવું ?

પ્ર-આ મૈથુન કયા કયા છે ?

ઉ-સ્ત્રીનું જોવું, ભાષણ, વિષય, કથા, સ્પર્શ, ક્રીડા, હસી મજાક એકાન્તવાસ અને સમાગમ એ આઠ પ્રકારના મૈથુન છે.

પ્ર-ધર્મના કેટલા લક્ષણ છે અને કયા છે ?

ઉ-ધર્મના દશ લક્ષણ છે, ધૈર્ય, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રીયનિગ્રહ, વિદ્યા, સત્ય, અક્રોધ.

પ્ર-વર્ણ શબ્દનો શું અર્થ છે ?

ઉ-મનુષ્યના ગુણ કર્મ સ્વભાવને વર્ણ કહે છે.

ઇશ્વર સ્તુતિ.

ઓ૩મ્ વિશ્વાનિ દેવ સવિતુર્દુ રીતાની પરાસુવ યદ્‌ભદ્રન્તન્ન આસુવ ॥

ઓ૩મ હિરણ્ય ગર્ભઃ સમવર્ત્તતાગ્રે ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત્ । સદાધાર પૃથિવીં દ્યામુતેમાં કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥

ઓ૩મ્ ય આત્મદા બલદા યસ્ય વિશ્વ ઉપાસતે પ્રશિષં યસ્ય દેવાઃ ॥ યસ્યચ્છાઽમૃતં યસ્ય મૃત્યુઃ કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥

ઓં યઃ પ્રાણતો નિમિષતો મહિત્વૈક ઇંદ્રાજા જગતો બભૂવ ય ઇશે અસ્ય દ્વિપદશ્ચતુષ્પદઃ-કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥

ઓં યેન દ્યૌરૂગ્રા પૃથિવી ચદઢા યેન સ્વઃ સ્તભિતં યેન નાકઃ । યો અન્તરિક્ષે રજસો વિમાનઃ કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥

ઓં પ્રજાપતે ન ત્વદેતાન્યન્યો વિશ્વા જાતાની પરિતા બભુવ યત્કામાસ્તે જુહુમસ્તન્નો અસ્તુ વયં સ્યામ પતયો રયીણામ ॥

ઓં સનો બન્ધુ ર્જનિતા સ વિધાતા, માનિ વેદ ભુવ નાનિ વિશ્વા યત્ર દેવા અમૃતમાન શાના, સ્તૃતીયે ધામ-ન્નધ્યૈરયન્ત ॥

ઓં અગ્ને નય સુપથા રાયે અસ્માન્ વિશ્વાની દેવ વયુનાનિ વિદ્વાન્ યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભૂયિષ્ઠાન્તે નમ ઉક્તિં વિધેમ ॥

સંન્ધ્યા

આચમન મંત્ર

ઓરૂમ્ શંનો દેવી રભિષ્ટય આપો ભવન્તુ પીતયે શંય્યોરભીસ્રવન્તુ નઃ ॥ યજુ. અ. ૩૬, મં. ૧૨

ઇન્દ્રિય સ્પર્શ

ઓરૂમ્ વાક્ વાક્ । ઓરૂમ્ પ્રાણઃ પ્રાણઃ । ઓરૂમ ચક્ષુઃ ચક્ષુઃ । ઓરૂમ શ્રોત્રમ્ શ્રોત્રમ । ઓરૂમ નાભિઃ । ઓરૂમ હૃદયમ્ । ઓમ કંઠઃ । ઓમ શિરઃ । ઓં બાહુભ્યાં યશો બલં । ઓમ કરતલ કરપૃષ્ઠે ।

માર્જન મંત્ર

ઓરૂમ ભૂઃ પુનાતુ શિરસિ । ઓરૂમ ભૂવઃ પુનાતુ નેત્રયોઃ । ઓમ સ્વઃ પુનાતુ કંઠે । ઓંમ મહઃ પુનાતુ હૃદયે ॥ ઓમ જનઃ પુનાતુ નાભ્યાં । ઓરૂમ તપઃ પુનાતુ પાદયોઃ । ઓમ સત્યં પુનાતુ પુનઃ શિરસી । ઓમ ખં બ્રહ્મ પુનાતુ સર્વત્ર ॥

પ્રાણાયામ મ ત્ર

ઓમ્ ભૂઃ । ઓમ્ ભુવઃ । ઓમ્ સ્વઃ । ઓમ મહઃ । ઓમ જનઃ । ઓમ તપઃ । ઓ૩મ સત્યમ્
ત. પ્ર. ૧૦ અનુ ૨૩.

અથાઘમર્ષણ મન્ત્ર

ઓંમ ઋતંચ સત્યંચાભીદ્ધાત્તપસોઽધ્યજાયત નતો રાત્ર્ય જાયત તતઃ સમુદ્રો અર્ણવઃ સમુદ્રાદર્ણ-વાદધિ સંવત્સરો અજાયત । અહો રાત્રાણી વિદધદ્વિશ્વસ્યમિષતોવશી સૂર્યાચન્દ્રમસૌ ધાતા યથા પૂર્વમ કલ્પયત દિવંચ પૃથિવી ચાન્ત રિક્ષમથૌ સ્વ;

અથમનસાપરિક્રમ મંત્ર

ઓ૩મ પ્રાચીદીગગ્નિરધી પાત રસીતો રક્ષિતા દિત્યા ઈષવઃ તેભ્યો નમો અધિપતિભ્યો નમો રક્ષિતૃભ્યો નમ ઇષુભ્યો નમ એભ્યો અસ્તુ । યોસ્માન દ્વેષ્ટિય યં વયં દ્વિષ્માસ્તંવો જંભેદધ્મઃ ।

ઓમ દક્ષિણાદિગિન્દ્રા અધિપતિ સ્તિરશ્ચિરાજી રક્ષિતા પિતર ઇષવઃ । તેભ્યો.

ઓંમ પ્રતિચીદીગ્વરૂણોઽધિપતીઃ પૃદાકૂરક્ષીતાન્ન મિષવઃ । તેભ્યો.

ઓમ ઉદીચી દિગ્સોમોઽધિપતિઃ સ્વજો રક્ષિતા

શનિ રિષવઃ । તેભ્યો.

ઓમ ધ્રુવાદિગ્વિષ્ણુ રધિપતિઃ કલ્માષગ્રીવો રક્ષિતા વીરૂધ ઈષવઃ । તેભ્યો.

ઓમ ઉર્ધ્વાદિગ્બૃહસ્પતિ રધિપતીઃ શ્વિત્રો રક્ષિતા વર્ષ મિષવઃ । તેભ્યો.

અથ ઉપસ્થાન મંત્ર

ઓગ્મ ઉદ્વયં તમસસ્પરિસ્વઃ પશ્યન્ત ઉત્તરમ । દેવં દેવત્રા સૂર્ય્યં મગન્મજ્યોતિરૂત્તમમ્ । યજુ. અ. ૩૫. ૪૦. ૧૪

ઓમ ચિત્રં દેવાના મુદગાદનીકં ચક્ષુ ર્મિત્રસ્ય વરૂણસ્યાગ્નેઃ આ પ્રાદ્યાવા પૃથિવી અન્તરિક્ષન્ સૂર્ય્ય આત્મા જગતસ્તસ્થુશ્ચ સ્વાહા યજુ. અ. ૧૩ મં. ૪૬

ઓમ તચ્ચક્ષુર્દેવ હિતં પુરસ્તા ચ્છુક્ર મુચ્ચરત્પશ્યે મશરદઃ શતં જીવેમશરદઃ શરતં શ્રયણુામ શરદઃ શતં પ્રબ્રવામ શરદઃ શતમદીનાઃ સ્યામશરદઃ શતં ભૂયશ્ચ શરદઃ શતાત્ યજુ. અ. ૩૬. મં. ૨૪

અથ ગુરૂ મંત્ર

ઓં ભૂર્ભુવઃસ્વઃ । તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્યધીમહિ । ધિયોયોનઃ પ્રચોદયાત્ ॥ યજુ. અ. ૩૬ મં. ૩.

અથ નમસ્કાર મંત્ર

ઓં નમઃ શંભવાય ચ મયો ભવાયચ નમઃ શંકરા યચ મયસ્કરાયચ નમઃ શિવાયચ શિવતરાયચ યજુ અ. ૧૬ મં. મન.

અગ્ની હોત્ર

ઓં ભૂર્ભુવઃ સ્વર્દ્યોરિવ ભૂમ્ના પૃથિવીવવરિમ્ણા । તસ્યાસ્તે પૃથિવી દેવયજનિ પૃષ્ઠે અગ્નિમન્ના દમન્ના દ્યયા દધે. આ મંત્રથી અગ્નિ પ્રગટ કરવો.

ઓં ઉદ્‌બુધ્ય સ્વાગ્ને પ્રતિગૃહિત્વ મિષ્ટા પૂર્તે સન્ સૃજેથા મયંચ । અસ્મિન્સધસ્તે અધ્યુત્તરસ્મિન્ વિશ્વેદેવા યજમાન શ્ચસીદત યજુ અ. ૧૫. મં. ૫૪

આ મંત્રોથી એક એક સમિધા આપવી.

ઓં અયન્ત ઈધ્મ આત્મા જાત વેદ સ્તેનેધ્ય સ્વ વર્ધસ્વચેદ્ધવર્ધય ચાસ્માન્ પ્રજયા પશુભિર્બ્રહ્મવર્ચ સેના ન્નાદ્યેન સમેધય સ્વાહા ઇદિમગ્નયે જાત વેદસે ઇદ મન્નમ આ મંત્ર વડે બીજી એક સમિધા નાખવી.

ઓં સમિધાગ્નિં દુવ સ્યત ઘૃતૈ બોધયતાતિથિમ આસ્મિન હવ્યા જુહોતન સ્વાહા । ઈદિમગ્નયે-ઈદિનમમ.।। ય. અ. ૩. મ. ૧.

ઓં સુસમિદ્ધાય શોચિષે ધૃતંતીવ્રં જુહોતન । અગ્નયે જાત્ વેદસે સ્વાહા ઇદમગ્નયે જાતવેદસે-ઇદન્નમમ

યજુ. અ. ૩ મં. ૨. આ મંત્ર વડે બીજી એક સમિધા નાંખવી.

ઓં તન્ત્વા મિધ્દ્વિરંગિરોઘૃતેનવર્દ્ધયામ સિભૃહુચ્છો ચા યવીષ્ઠ્ય સ્વાહા ઈદમગ્નયે અંગિરસે ઇદ નમમ યજુ. અ. મં. ૩ આમંત્ર વડે પાંચ આહુતી આપવી.

ઓં અયન્તઈધ્મ આત્મા જાતવેદ સ્તેને ધ્યસ્વ ચેધ્ધવર્ધ્ધય ચાસ્માન્પ્રજયાપશુભિ બ્રહ્મવર્ચસે સેનાત્ના દોન સમેધયસ્વાહા । ઇદમગ્નયે જાતવેહએ ઇદન્નમપ

જલ પ્રાસેચનમ્

ઓં અદિતેઽનુમન્યસ્વ । (પૂર્વ દિશામાં)

ઓં અનુમતેઽનુમન્યસ્વ । (પશ્ચિમ દિશામાં)

ઓં સરસ્વત્યનુમન્યસ્વ । (ઉત્તર દિશામાં)

ઓં દેવઃ સવિતઃ પ્રસુવ યજ્ઞં પ્રસુવ યજ્ઞપતિં ભગાય । દિવ્યો ગન્ધર્વ કેતપૂઃ કેતંનઃ પુનાતુ વાચસ્પતિવાચંનઃ સ્વદતુ (ચારે બાજુ.) યજુ. અ. ૩ મં. ૧

ઓં અગ્નયે સ્વાહા ઈદિમગ્નયે–ઈદન્નમમ(વેદી[illegible])

ઓં સોમાય સ્વાહા. ઇદંસોમાય–ઇદન્નમમ (વેદીની દક્ષિણમાં)

ઓં પ્રજાપતયે સ્વાહા, ઇદં પ્રજા પતયે ઇદિન્નમમ (મધ્યમાં)

ઓં ઈંદ્રાયસ્વાહા ઈદં ઈદ્રાય ઇદન્નમમ (મધ્યમાં)
ઓં સૂર્યો જ્યોતિ : જ્યોતિ : સુર્યઃ સ્વાહા પ્રાતકાળમાં
ઓં, જ્યોતિ : સુર્ય : સૂર્યો જ્યોતિઃ સ્વાહા.

ઓં સજૂર્દેવેન સવિત્રા સજુરૂષ સેન્દ્રવત્યા જુષાણુઃ સુર્યોવે-તુ સ્વાહા.

ઓં ભૂરગ્નયે પ્રાણાય સ્વાહા । ઇદં પ્રાણાય ઇદન્નમમ
ઓં ભુવર્વાયવે અપાનાય સ્વાહા ઈદંવાયવે અપાનાય ઇદંનમમ

ઓ સ્વરાદિત્યાય વ્યાનાય સ્વાહા । ઇદં સ્વરાદિત્યાયવ્યાનાય ઇદન્તમમ

ઓં ભૂર્ભવઃ સ્વરગ્નિ વાયવાવાદીત્યેભ્યઃ પ્રાણાપાન વ્યાનેભ્યઃ સ્વાહા । ઇદમગ્નિ વાયવાવાદિત્યેભ્યઃ પ્રાણાપાન વ્યાનેભ્યઃ ઇદન્નમમ.

ઓં આપોજ્યોતિ રસોમૃતં બ્રહ્મ ભૂર્ભવઃ સ્વરોં સ્વાહાઃ ઓમચાં મેધાંદેવગણાઃ પિતર શ્રાપાસતેતયામામદ્ય મેન્ વડગ્ને મેધાવિનં કુરૂસ્વાહા ।

ઓં વિશ્વાની દેવ સવિ તુર્દુરિતાની પરાસુવ । યદ્ભદ્રં તન્ના આસુવ સ્વાહા.

ઓં અગ્નેનય સુપાથારાયે અસ્માન્વિશ્વાનિદેવ ચુવનાનિ વિદ્વાન ચુયોધ્યસ્મ જુહુરાણમેનો ભૂયિષ્ઠાન્તેનમ ઉકિતં વિધેમ સ્વાહા । આત્મસમર્પણમ્

ઓં ભૂર્ભુઃ વસ્વ. । તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયોયોનઃ પ્રચોદયા

ઓં યદસ્ય કર્મણોઽત્યરીરિચં યદ્વા ન્યુનમિહા કરમ અગ્નિષ્ટે ત્સ્વિષ્ટ કૃદ્વિદ્યાત્ સર્વસ્વિષ્ટં સુહુતં કરોતુમે અગ્નયે સ્વિષ્ટ કૃતે સુહુત હુતે સર્વ પ્રાયશ્ચિ-તાહુતીનાં કામાનાં સમર્દ્ધ ચિત્રે સર્વાન્નઃ કામ-સમર્ધ્ધ સ્વાહા

ઓં વસોઃ પવિત્રમસિ શતધારં વસોઃ પવિત્ર મસિ સહસ્ર ધારં દેવસ્ત્વા સવિતા પુનાતુવસોઃ પવિત્રેણ શત ધારેણ સુપ્વા કામ ધુક્ષઃ ॥

ઓં સર્વે વૈ પૂર્ણં સ્વાહા

શાન્તિ પાઠ.

ઓમ દ્યૌ : શાન્તિ રન્તરિક્ષ ઓં. શાન્તિઃ પૃથિવી શાન્તિઃ
રાપ : શાન્તિ : રૌષધય શાન્તિ : વનસ્પતય : શાન્તિ :
વિશ્વે દેવા : શાન્તિ બ્રહ્મ શાન્તિ : સર્વે શાન્તિ :
રેવ શાન્તિ : સામાશાન્તિ રેધિ ।

ભજન ૧.

પ્રભુજી ધર્મ વેદીકની ફરી જ્યોતિ જગાવી દે :—ટેક.
પુરાતન ધર્મને સ્થાપી ફરી ભારત દીપાવી દે. ૧.

હતો જે વૈદિકનો પુરાતન ધર્મ ભારતનો,
સુમાર્ગે કાળથી પડયા ભૂલા ફરી કર્મે ચડાવી દે. ૨

હતા ઉદ્ધારતા સાથે જીવન પરમાર્થી પ્યારાં,
અધર્મે સ્વાર્થીને લોભી બની જીવન કર્યા ખારા. ૩

હતો જ્યાંએક ઇશ્વિરવાદ નિરાકાર અવિનાશી,
બનાવીને સન્ત આજે કરી ઇશ્વિર તણી હાંસી. ૪

પૂજ્યા ધાતુ અને પત્થર પૂજ્યા વૃક્ષો અને વારી,
વળી પૂજ્યા પશુઓને બનાવી ઇશ અવતારી. ૫

પુરાતન શુધ્ધ ધર્મોને અધર્મોથીજ પીછાને,
અનન્ત નિન્દીત અધર્મો તે ગણાયા ધર્મોને સ્થાને. ૬

"ધર્મ એવ હતો હતિ" વદે છે શાસ્ત્ર ને શ્રુતિ,
વિસાર્યું વાકય તેથી મળે સુખો કહો કયાંથી. ૭

અહો તેથી થયાં આજે બહુ ભારત જનો દુઃખી,
હવે જગદીશ દે બુધ્ધિ પૂરી પાછા થઇએ સુખી. ૮

અતીશ અંધકારેથી પ્રભુજી જ્યોતિમાં લઇજા
ભયંકર કાળ મુખેથી મુકાવી અમૃતને લઇજા. ૯

અહો એ શુભ જ્યોતી અને એ ધર્મ જાગૃતને,
પ્રભુ રતીલાલ વિનન્તીને દેહાન ભયતનો. પ્રભુજી. ૧૦

ભજન. ૨

સતા તુમારી ભગવાન, જગમે સમારહી હે ।
તેરી દયા સુગન્ધી, હર ગુલસે આ રહી હે ।।

રવીચંદ્ર ઓર તારે, તુને બનાયે સારે ।
ઈન સબમેં જ્યોતી તેરી, જગમગા રહી હે ।।

વસ્તૃત વસુન્ધરાપર સાગર બહાયે તુને ।
તહજીનકી મોતીયોસે, અબ ચમચમા રહી હે ।।

દીન રાત પ્રાત સન્ધ્યા, મધ્યાન્હભી બનાયા

હરઋતુ પલટ પલટ કર, કરતબ દીખા રહી હે ।।

સુન્દર સુગંધિ વાલે, પુષ્પોમે રંગ હે તેરા।
વહધ્યાન પુલપતી, તેરા દીલા રહી હે ।।

હે બ્રહ્મ વિશ્વ કર્તા, વર્ણન ન હો તેરા કૈસેં।
જલથલ મેં તેરી મહિમા, હે ઇશ છા રહી હે ।।

ભક્તિ તુમ્હારી ભગવાન કયોં કર હમે મીલેગી।।
માયા તુમ્હારી સ્વામી, હમકો ભુલા રહી-હે ।।

દેવી શરણુ હે તુજસે; યહી વીનય હે।
હો દૂર અવિદ્યા, હમકો ભુલા રહી હે ।।

ભજન ૩,

જબતલક તુ હાથમે મનકા નમનપ લાયગા।
તબતલક ઇશ કાઠકી માલાસે કયા ફલ પાયગા।।

ભુલકર અજકો અજાકા આજલો એવાં રહા।
કયા ઇસી પાખન્ડસે પરમાત્મા મિલજાયગા।।

ધર્મકા ધન છોડકર પુંજી બટોરી પાપકી।
કયા ઈસી કરતુતસે ધર્માત્મા કહલાયગા।।

ચાહકી ચીંનગીસે ચૈંકા ચેન ફીર ચીતસે કો કહા ।
દેખ ઘર કર આગપેપારાન ટુકકહુઆયગા ।।

દાન વિના કોન દે કરદે નામકા દાની બના ।
ભોગ કે ભૂખે વહાં ખાકર બતા કયા જાયગાં ।।

લોભ લિલાકે લીએ રચ રંગ શાળા રાગકી ।
બોલ બહુ રંગી રંગીલે ગીત કબતબ ગાયગા ।।

સ્વાર્થી ઉપકાર ઓરોકા કભી કરતા નહિ ।
ફીરતુજે સંસાર સારા કીસ લીએ અપનાયંમા ।।

જો તુજે આતી નહિ, સબકી ભલાઇ તો ભલા ।
કયોંન ભોલે ભાઇયોકો ભુલમે ભરમાયગા ।।

પ્રેમકા જલદે રહા પરિવાર કે આરામકો ।
કબ નહિ દેના કીસી દીન પુલ પર બુહુઝાયગા ।।

ખેલમે ખોયા લડકપન ભોગમે યોવન ગયા ।
ભુતમે ભોગી જશ કયા ઓર જીવન આયગા ।।

દુર પ્યારેકી બુરી હે દીન કીનારે આચુકા ।
ચલ નાહ તો ઈસ મઝેલે મે પડા પસ્તાયગા ।।

કંઠકી ઘરઘર સુનેકો અન્તકો ઘરકે એક ।।
ઉસ ઘડી શંકર ધીરા ઘરઘેર મેઘ બરજાયગા ।।

આર્ય સમાજના નિયમો

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિમૂળ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનંદસ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન્, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટિકર્તા છે; એનીજ ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સત્યવિદ્યાઓનું પુસ્તક છે; વેદ ભણુવા ભણાવવા અને સાંભળવા સંભળાવવા એ સર્વ આર્યોનો પરમધર્મ છે.

૪. સત્ય ગ્રહણ કરવામાં અને અસત્ય છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય અસત્યનો વિચાર કરીને કરવું જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઈએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

૯. પ્રત્યેક પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ. કિંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

૧૦ સર્વ મનુષ્યોએ સામાજીક સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ, અને પોતપોતાના હિતકારી નિયમમાંજ સ્વતંત્ર રહેવું જોઈએ.

કળામય પ્રી.
પ્રેસ સુરત.